તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવતી નવી નકકી કરેલ વર્ધિત પેન્શન યોજના. (New DIFINED CONTRIBUTORY PENSION SCHEME) રાજય સરકારના ફાળાની રકમ નિયામકશ્રી, પેન્શન અને પ્રો.ફંડ ધ્વારા જમા કરાવવા બાબત.

ગુજરાત સરકાર
નાણાં વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
સુધારા ક્રમાંક.નપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી,
તારીખ : ૨૮/૩/૨૦૦૬.

**સંદર્ભ :–**

(૧) નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦/પી.
(૨) નાણાં વિભાગના તા. ૬/૬/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦/પી.

સંદર્ભ–૧ માં દર્શાવેલ તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવની જોગવાઈઓ મુજબ રાજય સરકાર ધ્વારા તા.૧/૪/૨૦૦૫ ના રોજ અથવા ત્યાર બાદ નિમણુંક પામનાર કર્મચારીઓ માટે નવી વર્ધિત પેન્શન યોજના તા.૧/૪/૦૫ થી અમલમાં મુકવામાં આવેલ છે. સંદર્ભ (૧) માં દર્શાવેલ તા. ૧૮/૩/૨૦૦૫ ના ઠરાવના પેરા–૭ ની જોગવાઈઓ મુજબ કર્મચારી/ અધિકારીના ફાળા ઉપરાંત રાજય–સરકાર/ સંસ્થાઓએ પણ ૧૦ ટકા ફાળો ( Employer Matching Contribution) જમા કરાવવાનો રહે છે. નાણાં વિભાગના તા.૧/૯/૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ–૧૦/પી થી Employer Matching Contribution ની જરૂરી રકમની જોગવાઈ નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ ધ્વારા નીચેના સદરે કરવાની રહે છે.

| | |
|---|---|
| મુખ્ય સદર–૨૦૭૧<br>પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ<br>પેટા મુખ્ય સદર–૦૧ મુલ્કી<br>ગૌણ સદર–૧૧૭<br>નકકી કરેલ વર્ધિત પેન્શન<br>યોજના માટે સરકારનો ફાળો.<br>પેટા સદર–(૦૧)<br>નકકી કરેલ વર્ધિત પેન્શન યોજના ટાયર–૧<br>હેઠળ રાજય સરકારનો ફાળો. | Major Head : 2071<br>Pension and other Retirement Benefits<br>Sub Major Head: 01- Civil<br>Minor Head 117<br>Government contribution for Defined Contribution Pension Scheme<br>Sub Head (01) State Government's contribution under Defined |

contribution Pension Scheme

Tier-I



નાણાં વિભાગના તા.૬/૬/૦૫ ના ઠરાવ ક્રમાંક નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦/પી ના પેરા ૩૧ની હાલની જોગવાઈ રદ કરવામાં આવે છે અને નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

" નવી વર્ધિત પેન્શન યોજનાના કર્મચારીઓ પૈકી જેમનો ફાળો રાજ્ય સરકારે ચુકવવાનો છે તેવા કર્મચારીના સંબંધિત ઉપાડ અને ચુકવણી અધિકારીશ્રીઅ Employer Contribution ફાળાની રકમ ઉપાડવાને બદલે Employer Contribution ફાળાની રકમ નિયામકશ્રી, પેન્શન અને પ્રો.ફંડ ધ્વારા જ ઉપાડવાની અને જે તે કર્મચારીના પેન્શન ખાતામાં જમા કરાવવાની રહેશે. જે કર્મચારી માટેEmployer Contribution ફાળાની રકમ રાજ્ય સરકારે ભોગવવની નથી. અને જે તે સંસ્થા/ બોર્ડ/ કોર્પોરેશન ભોગવવાનો રહે છે તે કિસ્સામાં જે તે કર્મચારીના ઉપાડ અને વહેચણી અધિકારીશ્રીએ ફાળાની રકમ ઉપાડીને જે તે કર્મચારી/ અધિકારીના પેન્શન ખાતામાં જમા કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે. "

રાજ્ય સરકારે ચુકવવાની થતી ફાળાની રકમ (Employer Matching Contribution) જોગવાઈ દર વર્ષે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ધ્વારા કરવાની રહેશે.

આ સુધારાનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(બી. સી.**
**પટેલ)**
ઉપ સચિવ,
નાણાં વિભાગ.

પ્રતિ,

❖ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવ
ગુજરાત વિધાનસભા, ગાંધીનગરના વિરોધપક્ષના નેતાના અંગત સચિવ
સચિવાલયના તમામ વિભાગો

❖ સચિવ, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

❖ સચિવ, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
❖ સચિવ, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
❖ રજિસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
❖ સચિવ, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
તમામ વહીવટી વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
નાણાં વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ નાણાં વિભાગની તમામ શાખાઓ.
તમામ ખાતાના વડા/ તમામ કચેરીઓના વડા/ તમામ કલેકટરશ્રીઓ/
તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ
એકાઉન્ટન્ટ જનરલ (હિસાબ અને તકેદારી) રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ–૧) અમદાવાદ
એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ–૨) ગુજરાત પો.બો.નં.૨૭, રાજકોટ.
હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગાંધીનગર.
પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી, ગાંધીનગર.
પગાર અને હિસાબ અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર/ નર્મદા/ વડોદરા
સ્થાનિક ઓડીટ અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર
તમામ નિગમો, બોર્ડ/ યુનિવર્સિટીઓ
પસંદગી ફાઈલ !! પી !! શાખા.

- પત્ર ધ્વારા.

**નવી પેન્શન યોજના અન્વયે જમા થતી રકમ જી.એસ.એફ. માં રોકવા માટે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડનો ઉપાડ અને ચુકવણા અધિકારીને અધિકૃત કરવા બાબત.**

ગુજરાત સરકાર
નાણાં વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
સુધારા ક્રમાંક.નપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી, તારીખ : ૨૯/૩/૨૦૦૬.

આમુખ :– (૧) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક–નપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી,તા.૧૮/૩/૨૦૦૫.
(૨) નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક–ડીપીપી તકેદારી–૪૮, તા.૧૬/૩/૨૦૦૬.

ઠરાવ :–

આમુખમાં ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવથી સરકારે તા.૧/૪/૦૫ થી અમલમાં આવે તે રીતે નવ વર્ધિત પેન્શન યોજના જાહેર કરેલ છે. આ ઠરાવના પેરા–૭ ની જોગવાઈઓ મુજબ કર્મચારી/ અધિકારીનો ફાળો અને રાજય સરકારે જમા કરાવવાના થતા ફાળાની રકમ મુખ્ય સદર–૮૩૪૨ ખાતે જમા કરવામાં આવે છે.

તમામ જિલ્લા તિજોરી કચેરીઓ અને પગાર અને હિસાબી કચેરીઓ દ્વારા જમા થતી આ રકમનું રોકાણ ગુજરાત સ્ટેટ ફાયનાન્સીયલ સર્વિસીઝ દ્વારા સરકરી જામીનગીરીઓમાં કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

આમુખમાં (૨) મા દર્શાવેલ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, નિયામકશ્રીના તા.૧૬/૩/૨૦૦૬ ના પત્રથી કરવામા આવેલ દરખાસ્ત મુજબ રાજયની તમામ જિલ્લા તિજોરી કચેરીઓ અને પગાર અને હિસાબી કચેરીઓ દ્વારા જમા થયેલ નવી વર્ધિત પેન્શન યોજના ફાળાની રકમને જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગરથી ઉપાડ કરવા માટે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી, ગાંધીનગરના ઉપાડ અને ચુકવણાં અધિકારીને આથી અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(બી.સી.પટેલ)**
ઉપ સચિવ,
નાણાં વિભાગ.

**નકલ રવાના**

(૧) તમામ વહીવટી વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
(૨) નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, સચિવાલય, ગાંધીનગર.
(૩) નિયામક, હિસાબ અને તિજોરી, સચિવાલય, ગાંધીનગર.
(૪) એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
(૫) એકાઉન્ટન્ટ જનરલ (એ.એન્ડ ઈ), ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
(૬) નિવાસી હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / નર્મદા/ વડોદરા.
(૮) તમામ જિલ્લા તિજોરી અધિકારીઓ.
(૯) શાખા સીલેકટ ફાઈલ, પ–શાખા.